# રોકેટ-સેટેલાઈટના મોડેલ્સ જોઈ બાળકો રોમાંચિત થયા

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત ઈન્ડસ્ટ્રીયલ એક્સપોઝર ટૂરમાં શહેરના બાળકોએ ઈસરો, ઈફકો, મધુર ડેરી તથા સુઘડ સેનિટેશન ઈન્સ્ટીટ્યુટની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના બાળકોએ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત ઈન્ડસ્ટ્રીયલ એક્સપોઝર ટૂરમાં ભાગ લઈ મધુર ડેરીમાં દૂધની બનાવટોની ઉત્પાદન કામગીરીથી માંડીને ઈસરો ખાતે ઉપગ્રહ તથા રોકેટ સાયન્સ અંગે મહત્વની જાણકારી પ્રાપ્ત કરી હતી. વેકેશનમાં બાળકો વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિ દ્વારા રજાઓનો સદ્ઉપયોગ કરી નવી નવી ટેકનોલોજીથી માહિતગાર થાય સાથે સાથે પ્રવાસનો પણ આનંદ માણે તે હેતુથી આ ટૂરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઈન્ડસ્ટ્રીયલ એક્સપોઝર ટૂરના પ્રારંભે જ વિદ્યાર્થીઓએ ગાંધીનગરની પ્રતિષ્ઠિત મધુર ડેરીની મુલાકાત લીધી હતી અને તેમાં દૂધની બનાવટો સાથે દૂધની આવક, સંગ્રહ અને પેકીંગ વગેરે અંગે ટેકનિકલ બાબતો અંગે જાણકારી મેળવી હતી. આ સાથે તેમણે ઓટોમેટિક પ્લાન્ટ દ્વારા થતી દૂધની બનાવટોની ઉત્પાદન કામગીરી પણ નિહાળી હતી. મધુર ડેરી બાદ બાળકોને ઈફકોના પ્લાન્ટમાં લઈ જવાયા હતા. જ્યાં ઈફકોના ડીજીએમ એસ. મોહને ઉપસ્થિત રહી બાળકોને ઉપયોગી માહિતી પુરી પાડી હતી. આ સાથે ઈફકોની ટાઉનશીપ કસ્તૂરીનગર ખાતે પણ ગંદા પાણી અને કચરાના નિકાલ અંગેની વ્યવસ્થા બગીચાના વિકાસ માટે કરવામાં આવે છે તેનું નિદર્શન કરાયું હતું.

આ સાથે કચરામાંથી વર્મીકંપોસ્ટ ખાતર બનાવીને બગીચાના ફૂલ-છોડ માટે ઉપયોગમાં લેવાય છે તે અંગે પણ માહિતી આપવામાં આવી હતી. ઈફકોની મુલાકાત ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના આરાઓ વી.આર. પટેલના માર્ગદર્શન હેઠળ કરાઈ હતી.

આ ટૂરમાં વિદ્યાર્થીઓએ સ્પેસ રીસર્ચ સંસ્થા ઈસરોની પણ મુલાકાત લીધી હતી જ્યાં તેમણે જીએસએલવી પીએસએલવી રોકેટ તથા સેટેલાઈટ અંગે રસપ્રદ માહિતી મેળવી હતી. વિદ્યાર્થીઓએ ઈસરોના પ્રદર્શનની મુલાકાત લઈ ઈન્ચાર્જ હિમાંશુ પંડ્યા પાસેથી જાણકારી પ્રાપ્ત કરી હતી. તથા રોકેટ્સ અને સેટેલાઈટ્સના વિવિધ મોડેલ્સ નિહાળ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ અવકાશ સ્ટેશન નામની થ્રીડી ફિલ્મ નિહાળી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ સુઘડ ખાતે એન્વાર્યમેન્ટ સેનિટેશન ઈન્સ્ટીટ્યુટની મુલાકાત લીધી હતી. જ્યાં સંસ્થાના દેવેન્દ્રભાઈ ત્રિપાઠી તથા જયદેવભાઈએ પર્યાવરણનું મહત્વ સમજાવ્યું હતું.

અહીં તેમણે રિચાર્જીંગ વોલ, વૉટર હાર્વેસ્ટિંગ, ગોબર ગેસ પ્લાન્ટ, સોલાર પ્લાન્ટ વગેરે અંગે રસપ્રદ માહિતી મેળવી. સેનિટેશન માટેના વિવિધ મોડેલ્સ નિહાળ્યા હતા. આ ટૂરમાં ૫૬ બાળકોએ ભાગ લીધો હતો.

બાળકો સાથે પ્રવાસમાં નરેશભાઈ ઠાકર તથા વસંતભાઈ પટેલે સહાયક તરીકે સેવાઓ આપી હતી. પ્રવાસના આયોજન માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ તથા વિવેક મકવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી.





## @ગાંધીનગર

● આદર્શનગર વસાહત મંડળ દ્વારા મંગળવારના રોજ પ્લોટ નં. ૫૨૬ની સામે નવરાત્રી ચોક, સેક્ટર-૨૪ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે સંજયભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાશે.

### બાવન ગામ વણકર સમાજ દ્વારા સન્માન સમારંભ યોજાયો

શ્રી બાવન ગામ વણકર સમાજ (ધંધુકા), ગાંધીનગર દ્વારા ચમનભાઈ એમ. વિંઝુડાનું સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં સતત બે વખત કોર્પોરેટર તરીકે શ્રી ચમનભાઈ વિંઝુડા ચુંટાયેલ છે. સમાજનું ગૌરવ વધારેલ હોવાથી તેઓનું અભિવાનદ અને સન્માન સમારોહ તા. ૨૯મી મે, ૨૦૧૬ના રોજ ડૉ.આંબેડકર ભવન, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી બી.આર.જાદવ અને પ્રમુખ અરવિંદભાઈ ચૌહાણના વરદહસ્તે ચમનભાઈ વિંઝુડાનું સાલ ઓઢાડી અને સન્માન પત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. આ સમારંભનું સંચાલન વિઠ્ઠલભાઈ પરમારે કર્યુહતું.

## વાતવાતમાં

● સેક્ટર-૧૧માં સુમન ટાવર પાસે પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા પાણીની નહેરો વહેલા લાગી હતી. જો કે તંત્રએ સમસ્યાની જાણ થતા સમારકામ કાર્ય હાથ ધર્યું હતું.

● ટ્રાફિક પોલીસમાં નવા યુવા કર્મીઓની ભરતી કરાઈ છે. આ યુવાકર્મીઓને અત્યારે શહેરના વિવિધ સર્કલો પર ટ્રાફિક નિયમનની તાલીમ અપાઈ રહી છે.

● શહેરમાં અનેક ઠેકાણે માર્ગો પર કેસર કેરીનું વેચાણ કરાઈ રહ્યું છે. આ કેરીઓમાં કેસર કેરીના બદલે ભળતી જાતની કેરી હોવાના તથા કાર્બાઈડના ઉપયોગ વગેરેને કારણે શંકા-કુશંકાઓ સેવાઈ રહી છે.

### ખોરજ નર્મદા કેનાલમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૩૦

અડાલજ પાસેની ખોરજ નર્મદા કેનાલમાં આજે બપોરના સમયે ૩૫ વર્ષીય અજાણ્યા યુવાનનો મૃતદેહ પાણીમાં તરતો મળી આવતા અડાલજ પોલીસે મૃતદેહને બહાર કઢાવી તેના વાલીવારસની શોધખોળ હાથ ધરી છે. અડાલજ પાસેથી પસાર થતી ખોરજ નર્મદા કેનાલમાં કોઈ અજાણ્યા યુવાનનો મૃતદેહ કેનાલના પાણીમાં દેખાતા કેનાલ સિક્યુરીટી ગાર્ડ વાઘજી પરમારે અડાલજ પોલીસને જાણ કરી હતી. આથી પોલીસે તુરંત બનાવ સ્થળે આવી અજાણ્યા યુવાનનો મૃતદેહ બહાર કઢાવ્યો હતો અને આપઘાતનો ગુનો નોંધી તેના વાલીવારસની અડાલજ પોલીસે શોધખોળ શરૂ કરી છે. જેની તપાસ જમાદાર ગીરીશભાઈ ચલાવી રહ્યા છે.

### અમૂલના એમડીની પાસે ખંડણીની માંગ

અમદાવાદ, તા.૩૦

અમુલના એમડીનો ૨૫ કરોડની ખંડણી માટે ધમકી મળી હતી. આ ધમકી રવિ પુજારા ગેંગના હોવાનું કહીને ખંડણીની માંગ કરી હતી. આ ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં ચકચારી મચી જવા પામી હતી. ધમકીને પગલેએ ક્રાઈમ બ્રાંચને અરજી કરી હતી. આ અંગે અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. સુત્રો મુજબ, અમુલ ડેરીના એમડી આર એસ સોઢીને આજે સવારે ફોન કરી ૨૫ કરોડની ખંડણી માટે ધમકી મળી હતી. ફોન કરનાર રવિ પુજારી ગેંગના હોવાનું કહીને ખંડણીની માંગ કરી હતી.



ક્રિએટિવ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા રાહેલબા વૃદ્ધાશ્રમ, મગોડી ખાતે કાળઝાળ ગરમીથી રાહત માટે ટોપી અને કેરીની પેટીનુ વિતરણ કરવામાં આવ્યું હતું. ક્રિએટિવ ક્લબના સભ્યોએ વૃદ્ધો સાથે સમગ્ર દિવસ ખુબ આનંદથી પસાર કર્યો હતો.

# શહેરમાં એક જ દિવસમાં બે વાહન ચોરાયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરી વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી વાહનચોરીના બનાવોમાં વધારો થવા પામ્યો છે. વાહનચોરો બિન્દાસ બની ધોળે દિવસે વાહનોની ચોરી કરી પલાયન થઈ જાય છે. અને પોલીસ ફરિયાદ નોંધી માત્ર કાર્યવાહી કરવાનું રટળ કરી રહી છે. ત્યારે આજે ગાંધીનગરના ભારે ચહલપહલ અને ભીડ ધરાવતા પથિકાશ્રમ વિટકોસ બસ સ્ટેન્ડ અને ઈન્ફોસીટીમાંથી એક જ દિવસમાં બે વાહન ચોરીના બનાવો બનવા પામ્યા હતા. જેમાં પોલીસે અલગ-અલગ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના ભારે ભીડભાડ ધરાવતા જાહેર સ્થળોમાંથી વાહનચોરીના ગુનાનું પ્રમાણ વધવા પામ્યુ છે. ત્યારે આ વાહનચોરીની સંખ્યામાં વધુ બે આંકનો વધારો થયો છે. શહેરના વીટકોસ બસ સ્ટેન્ડ પાસે વાવોલના ધર્મેશભાઈ ગંગાશંકર સેલતે પોતાનું દ્વિચક્રી વાહન ઈટર્નો સવારે ૯ કલાકે પાર્ક કર્યુ હતુ. થોડા સમય બાદ પોતાનું વાહન ઈટર્નો નં. જીજે.૧.ડી.ક્યૂ.૮૧૪૯ લેવા માટે પરત સ્થળ પર ગયા હતા જ્યાં ઈટર્નો ન મળતા આખરે સેકટર-૭ પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી. જ્યાં પોલીસે રૂ. ૧૨ હજારની કિંમત ગણી વાહનચોરીનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ઉપરાંત ઈન્ફોસીટી વિસ્તારમાં મોડી રાત્રે એક્સીસની ચોરી થવા પામી હતી. પેથાપુર ખાતે રહેતા રિશિરાજસિંહ વનરાજસિંહ વાઘેલા પોતાની માલિકીનું એક્સીસ નં. જીજે-૧૮.સીએલ. લઈ ઈન્ફોસીટી જયગોગા કેન્ટીન પાસે ગયા હતા જે અડધો કલાકમાં જ કોઈ ચોર ઈસમ ચોરી કરી પલાયન થઈ ગયો હતો. આ મામલે ઈન્ફોસીટી પોલીસે વાહન માલિકીની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ધો-૧૨ સાયન્સના ૩જા સેમેસ્ટરના વિદ્યાર્થીઓના ન્યાય માટે વાલીઓની મુખ્યમંત્રીને રજુઆત

**વર્ષ-૨૦૧૮ થી નીટની પરીક્ષા લેવાય તે સહિત વિદ્યાર્થીઓને સ્પર્શતા પ્રશ્નોને લઈ વાલીઓની રજુઆત**

ગાંધીનગર, તા.૩૦

ધોરણ -૧૨ સાયન્સ (બી-ગ્રુપ)ના ૩જા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓએ પોતાના બાળકોને સ્પર્શતા વિવધ પ્રશ્નોને લઈ આજે મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી છે. જેમાં નીટની પરિક્ષા વર્ષ ૨૦૧૭ થી ફરજીયાત કરવામાં આવી છે તેના સ્થાને વર્ષ - ૨૦૧૮ થી ફરજીયાત કરવામાં આવે, તેમજ નીટ જે તે રાજયની માતૃભાષામાં લેવાય તે સહિતના મુદાઓને લઈ રજુઆત કરી છે.

ગાંધીનગર ખાતે ૨૦૦ થી વધુ વાલીઓ એકત્ર થઈને પોતાના બાળકોના હક માટે મુખ્યમંત્રી ને રજુઆત કરવામાં આવી છે. જેમાં અનિશભાઈ ગાંધી નામના વાલીએ જણાવ્યું છે કે રાજયભરમાં ધો-૧૧ અને ૧૨ સાયન્સનો અભ્યાસક્રમએ કુલ- ૪ સેમીસ્ટરમાં વહેંચાયેલો એક સંયુકત અભ્યાસક્રમ છે. જયારે સાયન્સના બી ગ્રુપમાં ૩જા સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને સેમેસ્ટર સીસ્ટમ અને ગુજકેટ માટે તૈયારી કરતા વિદ્યાર્થીઓ માથે અચાનક નીટની પરિક્ષા આવતા વિદ્યાર્થીઓ ચિંતિત બન્યા છે. સાયન્સના ચાર સેમીસ્ટરમાં મેળવેલ ગુણોના ૬૦ ટકા અને ગુજકેટની પરિક્ષામાં મેળવેલ ગુણોના ૪૦ ટકા એ બંન્નેને મેળવીને મેરીટ તૈયાર થાય છે ત્યારે નીટની પરિક્ષા ફરજીયાત કરતા રાજયમાં ચાર સેમેસ્ટરના ૬૦ ટકા અને ૪૦ ટકા નીટના એ રીતે મેરીટ તૈયાર થશે કે કેમ...? નીટ અંગ્રેજી અને હીન્દી ભાષામાં જ લેવાય છે તો ગુજરાતી ભાષામાં લેવાય તો બાળકોને પરિક્ષામાં

● અનુસંધાન પાના - ૭ પર

# ધોરણ-૧૦ સીબીએસસી બોર્ડમાં ઈષ્મા નાણાવટી ઝળકી

ગાંધીનગર, તા.૩૦

ધોરણ-૧૦ સીબીએસસી બોર્ડની પરીક્ષામાં સ્વામિનારાયણ પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતી ઈષ્મા સર્જીત નાણાવતીએ એ-૧ ગ્રેડ મેળવી ટોપર્સની યાદીમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. ઈષ્માએ આગળ મેડીકલ ક્ષેત્રમાં અભ્યાસ કરી ડૉકટર બનવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

ધોરણ-૧૦ સીબીએસસી પરીક્ષામાં ઈષ્મા સર્જીત નાણાવટીએ તમામ વિષયોમાં એ-૧ ગ્રેડ મેળવ્યો છે. ઈષ્માએ ૧૦માંથી ૧૦ સીજીપીએ હાંસલ કરી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે.



ઈષ્માના પિતા સર્જીત નાણાવટી ઓટોમોબાઈલ્સના વ્યવસાય સાથે સંકળાયેલા છે જયારે તેણીની માતા હિરલબહેન નાણાવટી ટ્યૂશનના વર્ગો ચલાવી વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે. તેજસ્વી પરિણામ પ્રાપ્ત કરનાર ઈષ્મા નાણાવટીએ સમાજસેવાના ઉત્તમ આશ્રય સાથે ડૉકટર બનવાની ખેવના દર્શાવી છે. સીબીએસસી બોર્ડમાં ઉજ્જવળ પરિણામ મેળવવા બદલ નાગર સમાજ તેમજ શાળા પરિવારે પણ ઈષ્માને અભિનંદન પાઠવ્યા છે.

# નોનસ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધામાં બાળકો ઉમટી પડ્યા

## સે. ૨૩ના કડી કેમ્પસમાં આર.એન. પટેલ લલિતકલા એકેડેમી દ્વારા નોન-સ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધા યોજાઈ : ૩૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો







ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના સે. ૨૩માં કડી સર્વ વિદ્યાલય સલંગ્ન આર.એન. લલિતકલા એકેડેમી ખાતે કાર્યરત મમતા સ્પોર્ટસ સેન્ટર અને ક્રિષ્ના એકેડેમી દ્વારા નોન-સ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા રવિવારે સાંજે ૪ થી ૮ વાગ્યા દરમ્યાન યોજાઈ હતી. જેમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદની વિવિધ શાળાઓના કેજી થી ધો. ૧૦ સુધીના ધોરણમાં અભ્યાસ કરતા ૩૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. રોલર સ્કેટીંગ સ્પર્ધામાં કડી કેમ્પસના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, બીએડ કોલેજના ડીન વીણાબેન પટેલ, એસ.કે. પટેલ, પ્રિ પ્રાયમરી ઈંગ્લિશ મિડીયમના પ્રિન્સિપાલ દિપાલીબેન જોષી તથા આર.એન.પટેલ લલિતકલા એકેડેમીના સંચાલક દિનાબેન ડોડિયા ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં જાણીતા કોચ રાજેન્દ્રસિંહ જાડેજા તથા વસીમ મન્સુરી દ્વારા નિદર્શન તથા કોચીંગ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન દિનાબેન ડોડિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ગાંધીનગર તથા અમદાવાદના તમામ સ્કેટરો તથા તેમના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્કેટરોને મેડલ્સ તથા કીટ્સ ઉપરાંત સર્ટિફિકેટ્સ એનાયત કરાયા હતા. સ્પર્ધામાં ઉદ્‌ઘોષણા તથા આભારવિધિ અનિતા વસીતા દ્વારા કરવામાં આવી હતી.